

# મોદીને ટેકો આપવા માયાવતીનો ઈન્કાર

## દેશમાં કોઇ જગ્યાએ મોદી લહેર નથી : ભાજપને પણ હવે પોતાની રીતે સરકાર બનાવવા માટેની આશા દેખાઈ રહી નથી : બસપ નેતા માયાવતીનો દાવો

લખનૌ, તા.૮

બહુજન સમાજ પાર્ટીના નેતા અને ઉત્તરપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી માયાવતીએ આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, લોકસભાની ચૂંટણી બાદ જો ભાજપ સત્તા ઉપર આવશે તો મોદી સરકારને ટેકો આપવામાં આવશે નહીં. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ભાજપને એવું લાગે છે કે, તે સરકારની રચના કરી શકશે નહીં જેથી અન્ય સાથી પક્ષોની હવે વાત કરવામાં આવી રહી છે. મિડિયામાં કરવામાં આવી રહેલા દાવા મુજબ કોઈ પણ મોદી લહેર નથી. માયાવતીએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, મોદીએ તાજેતરમાં એક મુલાકાતમાં કહ્યું હતું કે, જો જરૂર પડશે તો અન્નાદ્રમુકના નેતા જયલલિતા, ટીએમસીના નેતા મમતા બેનરજી અને બસપના નેતા માયાવતીનો ટેકો લેવામાં આવશે. માયાવતીએ આ સંદર્ભમાં આજે ખુલાસો કરતા કહ્યું હતું કે, બહુજન સમાજ પાર્ટી કોઈપણ સંજોગોમાં એનડીએને ટેકો આપશે નહીં. સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમસિંહ, અન્નાદ્રમુકના નેતા જયલલિતા અને ટીએમસીના વડા મમતા બેનરજી પોતાની રીતે નિર્ણય કરી શકે છે પરંતુ તેઓ કોઈપણ સંજોગોમાં મોદીને ટેકો આપશે નહીં. તેમણે એમ પણ કહ્યું હતું કે, ઉત્તરપ્રદેશમાં કોઈ મોદી લહેર નથી. બસપાનો દેખાવ અગાઉ કરતા શાનદાર રહેશે. સમાજવાદી પાર્ટી અને ભાજપ દ્વારા ધ્રુવીકરણની સ્થિતિ સર્જવામાં આવી રહી છે.


હે દયાળુ!! કાં તો મારો બોજ હળવો કરજે, ને કાં તો મારો બરડો મજબૂત બનાવજે

- એસ.એમ.એસ.

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૫૯ | ૧૦ મે, ૨૦૧૪, શનિવાર; વૈશાખ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## NEWS બિટ્સ

**● ટીવી પર મોદીના સમાચારો સૌથી વધુ**

લોકસભા ચૂંટણીમાં ટીવીના



પડદે ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદી સૌથી વધુ છવાયેલા રહ્યા હતા. ટીવીના કવરેજમાં ૩૩ ટકા હિસ્સો માત્ર નરેન્દ્ર મોદીનો હતો. એક સંસ્થા દ્વારા ટીવીની ન્યુઝ ચેનલોમાં ૮ થી ૧૦ના પ્રાઈમ ટાઈમમાં રાજકીય નેતાઓને અપાયેલા કવરેજનો સર્વે કરવામાં આવ્યો હતો. ૧ માર્ચથી ૩૦ એપ્રિલનો સમયગાળો તેમાં આવરી લેવાયો હતો.

**● દિલ્હી વિશ્વનું સૌથી પ્રદૂષિત શહેર**

વિશ્વ આરોગ્ય સંસ્થા (હુ) દ્વારા કરવામાં આવેલા એક સર્વે અનુસાર દિલ્હી વિશ્વનુ સૌથી વધુ પ્રદૂષિત શહેર છે. ૨૦૧૪ના પોતાના આ અહેવાલમાં વિશ્વ આરોગ્ય સંસ્થાએ ૯૧ દેશના ૧૬૦૦ જેટલા શહેરોમાં વાયુ પ્રદૂષણ અંગે અભ્યાસ કર્યા બાદ દિલ્હીને સૌથી વધુ પ્રદૂષિત ગણાવ્યુ હતુ.

**● આજે કાશીમાં રાહુલનો રોડ શો**

ભાજપના પીએમ પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ અમેઠીમાં



રેલી યોજી તેના વળતા જવાબમાં કોંગ્રેસ ઉપપ્રમુખ રાહુલ ગાંધી આજે ૧૦મે ના રોજ વારાણસીમાં ૩ કિ.મી.નો રોડ-શૉ યોજશે. કોંગ્રેસે આ વાતની સત્તાવાર જાહેરાત કરી નાંખી છે. રાહુલ વારાણસીમાં ચૂંટણી પ્રચારના અંતિમ દિવસે જ રોડ શૉ યોજશે.

**● વારાણસીમાં ભાજપના હોર્ડીંગ્સમાંથી મોદી ગાયબ**

વારાણસીમાં મતદાનને આડે માંડ પાંચ દિવસ બાકી રહ્યા છે ત્યારે એકાએક જ ભાજપ દ્વારા વ્યુહબાજી બદલવામાં આવી હોય તેમ પ્રચાર પોસ્ટરોમાંથી વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીનુ નામ તથા તસવીરો કાઢી નાખવામાં આવ્યા છે. માહિતીગાર સુત્રોએ એવો નિર્દેશ કર્યો છે કે મોદીની તસવીરોવાળા હોર્ડીંગ-પોસ્ટરો હોય તો તેનો ખર્ચ નરેન્દ્ર મોદીના ખર્ચખાતામાં સમાવવો પડે. આથી આ નિર્ણય લેવાયો છે.

# વાયબ્રન્ટ ૨૦૧૫ની તડામાર તૈયારીઓ

## નરેન્દ્ર મોદીને વૈશ્વિક સ્તરે ઓળખ અપાવનાર આ કાર્યક્રમને વધુ ભવ્ય બનાવવા તજ્ઞો તૈયાર

ગાંધીનગર, તા.૯

ગુજરાતના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર વાયબ્રન્ટ સમિટ દર ચાર વર્ષે યોજી રોકાણકારોને આર્ષવામાં આવે છે. હાલમાં વાયબ્રન્ટ ૨૦૧૫ માટેની તૈયારીઓ શરૂ થઈ ચુકી છે. ઈન્ડેક્ષ-બી અને ઉદ્યોગ વિભાગના અધિકારીઓ ચુંટણી પુર્ણ થતાં જ વાયબ્રન્ટ ૨૦૧૫ની તૈયારીઓમાં જોતરાઈ ગયા છે.

ગુજરાતના વિકાસ મોડેલની ચર્ચા આજે દેશભરમાં છે. વૈશ્વિક રોકાણકારોને પ્લેટફોર્મ પુરું પાડનાર વાયબ્રન્ટ સમિટે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને વિકાસ પુરુષની છબીમાં ફેરવી નાંખી છે. તેમના વિકાસ મોડેલે તેઓને આજે વડાપ્રધાનપદના દાવેદાર બનાવી દીધા છે. ગુજરાતના વિકાસ મોડેલની છબી જરાય ધુંધળી ન બને તે માટે ગુજરાત સરકાર જરાય કચાશ રાખવા માંગતી નથી. મોદી જો દિલ્હી જાય તો પણ આ કાર્યક્રમ અટકવો ન જોઈએ તેવી સરકારની ભાવના છે. આ કાર્યક્રમને વધુ ભવ્ય બનાવવા આદેશો આપી દેવાયા છે. ગુજરાતમાં ચૂંટણી પૂર્ણ થતા આચારસંહિતાને આંશિક રીતે હળવી બનાવી દેવાઈ છે ત્યારે વાયબ્રન્ટ ૨૦૧૫ની તૈયારીઓ માટે અધિકારીઓ મીટીંગોમાં વ્યસ્ત બન્યા છે. ઉદ્યોગ વિભાગ અને ઈન્ડેક્ષ બીના અધિકારીઓ હાલમાં આ જ કવાયતમાં જોતરાયેલા નજરે પડી રહ્યા છે. ૧૬મીએ ચૂંટણીના પરિણામો જાહેર થવાના છે ત્યારે નરેન્દ્ર મોદી વાયબ્રન્ટ ૨૦૧૫ના આયોજક તરીકે રહે છે કે આમંત્રિત મહેમાન તરીકે તેનો સૌને ઈન્તજાર છે.




ગુજરાતમાં વાઈબ્રન્ટ ગ્લોબલ સમિટનો આરંભ કરનારા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી જો આગામી દિવસોમાં પ્રધાનમંત્રી પદે બિરાજમાન થશે તો બાઈવ્રન્ટ-૨૦૧૫ના મુખ્ય અતિથિ બનીને આવશે. અનુગામી મુખ્યમંત્રીએ ભારે જહેમત ઉઠાવી ભૂતકાળના સ્તરનું આયોજન કરવાની તૈયારી રાખવી પડશે. જો કે અધિકારીઓએ તો તડામાર તૈયારીઓ આરંભી દીધી છે. આમંત્રણની યાદી તૈયાર થઈ રહી છે. અને જુદા જુદા સેમિનારના વિષયો અને તજજ્ઞો નિયત થઈ રહ્યા છે. રાજ્યના વરિષ્ઠ સનદી અધિકારીઓએ બ્લ્યુપ્રિન્ટ તૈયાર કરી દીધી છે. પબ્લીસીટી માટે પણ પોસ્ટર, હોર્ડિંગની ડિઝાઈનને આખરી ઓપ અપાઈ રહ્યો છે. તો બીજી તરફ મહાત્મા મંદિરમાં પણ આખરી તબક્કાનું કામ ચાલી રહ્યું છે. હેલીપેડ ગ્રાઉન્ડમાં કાયમી પ્રદર્શન અંગે પણ તડામાર તૈયારીઓ ચાલે છે.

# મોદી સરકારના પ્રથમ ૧૦૦ દિવસની રૂપરેખા તૈયાર

**જુલાઈમાં રજૂ થનારા નવા બજેટ અગાઉ સરકાર માટેનો એજન્ડા ઘડવામાં ભાજપ લાગી ગયું : કરમુક્તિ સહિત તમામ સરકારી તંત્રોનાં સમયબધ્ધ સુશાસન પર ભાર મુકવામાં આવશે : 'મોદી-સરકાર' અર્થતંત્રને મજબૂત કરવા માટે ઘણી નવી નીતિઓની પણ જાહેરાત કરશે : સાથે જ કર માળખામાં પણ મોટા પાયે ફેરફાર કરાશે : આગામી પાંચ વર્ષને ધ્યાનમાં રાખીને 'એજન્ડા' ઘડવામાં આવ્યો**

નવી દિલ્હી, તા.૯

હજુ તો લોકસભા ચૂંટણીઓ સમાપ્ત પણ નથી થઈ તે છતાં ભાજપે નરેન્દ્ર મોદીનાં નેતૃત્વવાળી સરકારની પૂર્વધારણા કરીને ૧૦૦ દિવસીય એજન્ડા ઘડવાની તૈયારીઓ પર ધ્યાન કેન્દ્રીત કર્યું છે. દેશના અર્થતંત્રને પાટે ચડાવવા માટે પક્ષ ઘણા નવા પગલાઓની જાહેરાત કરવાનું છે. જેમાં મોટા પાયે કર માળખામાં રાહતો આપવામાં આવશે ઉપરાંત સમગ્ર સરકારી તંત્રમાં વટહુકમો મંજુરીઓનો સમયબધ્ધ અમલ કરવાનું અને સાથો સાથ પ્રજા સુધી તમામ સવલતો સમયસર પહોંચાડવાના વચનની જાહેરાત પણ પક્ષ કરશે તેવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

જુલાઈમાં નવું બજેટ રજુ કરવામાં આવે તેની અગાઉના આ ૧૦૦ દિવસીય એજન્ડામાં એક નિર્ણાયક સક્ષમ શાસનનું પણ વચન પાળવામાં આવશે. સાથો સાથ આ

● અનુસંધાન પાન-૭ પર


વિદ્યાર્થીઓને સ્પર્શતા વિવિધ વિષયોના તજજ્ઞો દ્વારા માર્ગદર્શક સેમિનાર

# ગાંધીનગરમાં શૈક્ષણિક અને કારકિર્દી મેળો

આજે તથા આવતીકાલે સવારે ૧૦.૦૦ થી સાંજે ૮.૦૦ કલાક ♦ સ્થળ : ઉમિયા માતાજી સંસ્થાન, સેક્ટર-૧૨, ગાંધીનગર

વિદ્યાર્થીઓ, વાલીઓ અને શૈક્ષણિક સંસ્થાઓનો ત્રિવેણી સંગમ
આવો અને બધી માહિતી નિઃશુલ્ક એક જ સ્થળેથી મેળવો.

મુખ્ય સહયોગી સંસ્થાઓ : કડી સર્વ વિદ્યાલય, ગણપત યુનિવર્સીટી

આયોજક : રોટરી ક્લબ ઓફ ગાંધીનગર

વ્યક્તિ વિકાસલક્ષી પુસ્તકોનું વેચાણ ૫૦% ડીસ્કાઉન્ટ




ગરમાળો અને ગાંધીનગર - નોખો અનોખો સંબંધ છે ગાંધીનગર અને ગરમાળાને... ગાંધીનગરના મુખ્ય માર્ગોની બંને બાજુ પર ગ્રીષ્મની સાથે સાથે પણ ગરમાળો ખીલતો જાય છે... ગરમાળાના ફુલ ગ્રીષ્મની ગરમીમાં આંખને શાતા આપે છે... પણ એનાથી વધુ ગરમાળાની ઉપકારકતા એ છે કે, ગરમાળાની શીંગો નીચે પડે ત્યારે ગરીબ પરિવારના સંતાનો શીંગો વીણી, ફોલી અંદરના બીયા કાઢવાના અને બીયા વેંચી એમાથી કમાણી ઉભી કરવાની જહેમત ગાંધીનગરના શ્રમિકો કરે છે... આ છે માટીનો સંબંધ... જે માટીમાં સંતાન ઉછર્યું છે એ જ માટીમાં ગરમાળો ઉછર્યો છે અને એ ગરમાળાએ સંતાનને આર્થિક સહાય કરવા પોતાના ફળ નિઃશુલ્ક આપ્યા...

# વિધાનસભાના કર્મચારીઓને વાહનોના પાર્કિંગ પાસ અપાયા

ગાંધીનગર, તા. ૯

વિધાનસભા સંકુલના બેઝમેન્ટમાં વાહન પાર્કીંગ માટે વિધાનસભાના કર્મચારીઓને પાર્કિંગ સ્ટીકર વાહનો માટે ફાળવવામાં આવ્યા છે.

વિધાનસભા સચિવાલય સામે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વિધાનસભા સંકુલના બેઝમેન્ટમાં વાહન પાર્કિંગ આવેલું છે. આ પાર્કિંગમાં વિધાનસભાના કર્મચારીઓ ઉપરાંત અન્ય લોકો પણ આ પાર્કિંગમાં વાહનો પાર્ક કરતા હતા. જેના કારણે પાર્કીંગમાં વાહનો આડેધડ પાર્ક થતા.

અન્ય લોકો વિધાનસભાના પાર્કિંગમાં વાહનો પાર્ક ન કરે તે માટે રજૂઆત કરવામાં આવતા વિધાનસભા સચિવાલયે વિધાનસભાના બેઝમેન્ટમાં અન્ય બ્લોકના કર્મચારીઓ અને અન્ય લોકો માટે વાહનો પાર્ક કરવા પર પાબંદી લગાવી દેવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વિધાનસભા સચિવાલયના કર્મચારીઓ અધિકારીઓ, વિપક્ષ કાર્યાલયના કર્મચારીઓ દંડકના કાર્યાલયના કર્મચારી અધિકારીઓને વાહનો પાર્ક કરવા માટે વાહનોના નંબરવાળા સ્ટીકરો ફાળવી દેવામાં આવ્યા છે. આ સ્ટીકરો જે વાહનો પર લગાડવામાં આવેલા હશે તે વાહનોને જ વિધાનસભા સંકુલના બેઝમેન્ટમાં વાહનો પાર્ક કરવા દેવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

# લો પ્રેશરના પગલે આગામી દિવસોમાં વાવાઝોડાનો ખતરો

## અરબી સમુદ્રમાં સર્જાયેલું લો પ્રેશર ગુજરાતના કિનારા સુધી પહોંચશે : માછીમારોને દરિયામાં નહીં જવા હવામાન વિભાગની સુચના

ગાંધીનગર, તા.૯

અરબી સમુદ્રમાં લો પ્રેશર ઉભુ થયું છે જે આગામી દિવસોમાં ગુજરાતના કિનારા સુધી પહોંચે તેવી સંભાવના છે. પરિણામે ગુજરાતમાં આગામી દિવસોમાં વાવાઝોડાનો ખતરો ઉભો થઈ શકે છે હાલ હવામાન વિભાગ લો પ્રેશર ઉપર નજર રાખી રહ્યું છે.

હવામાન વિભાગે આગાહી કરતા જણાવ્યું કે કેરલ, તમિલનાડુ, લક્ષદ્વિપમાં વાવાઝોડા ત્રાટકી શકે છે જયારે ગોવા સહિતના રાજયોમાં વરસાદ પડી શકે છે. વાવાઝોડાના પગલે માછીમારોને દરિયામાં નહીં જવા સુચના આપી છે. હાલ હિટવેવની સંભાવના પણ છે પણ બે ત્રણ દિવસમાં વાવાઝોડા અંગે સચોટ આગાહી કરી શકાશે.

લો પ્રેશર હાલ ઉત્તર અને ઉત્તર પૂર્વ તરફ આગળ વધી રહ્યું છે. હવામાન વિભાગે ગુજરાત, ઉત્તર ભારત અને પૂર્વ ભારતમાં ગરમીની આગાહી કરી છે જો કે ગુજરાતમાં વાવાઝોડાની અસર પણ થઈ શકે છે. ગઈ કાલે સૌરાષ્ટ્ર સહિત સમગ્ર રાજયમાં હિટવેવની અસર જોવા મળી હતી. અમરેલી અને સુરેન્દ્રનગરમાં ૪૩ ડીગ્રી, રાજકોટમાં ૪૨.૪, જુનાગઢ ભાવનગર અને ભુજમાં ૪૧.૬ ડીગ્રી કંડલામાં ૪૨.૬ જામનગરમાં ૪૦ ડીગ્રી તાપમાન નોંધાયું હતું.


CALORX 35+ Institutions in western Belt

A School for

CHAMPION's

Courageous, Healthy, Acclaimed, Motivated, Proactive, Innovator, Outstanding, Nurturing

CALORX PUBLIC SCHOOL

GANDHINAGAR

CBSE Syllabus | English Medium | Smart Class

ADMISSION OPEN 2014-15 Nursery to Std. 7

School Campus:
Survey No. 272, Lekawada-Dharampur Road,
Vil. & Post. Lekawada, Tal. & Dist. Gandhinagar - 382042

M:81550 13382 | E:cpsgandhinagar@calorx.org | www.calorx.org

Calling for passionate teachers
e-mail your cv at: recruitments@calorx.org